सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ થયા તારીખ | ૦૧ | ૦૮ | ૨૦૨૪ |
| દાખલ થયા તારીખ | ૦૧ | ૦૮ | ૨૦૨૪ |
| ફેંસલ કર્યા તારીખ | ૧૬ | ૦૫ | ૨૦૨૬ |
| સમય ગાળો | વર્ષ | માસ | દિન |
| | ૦૧ | ૦૯ | ૧૫ |

**વાલીયા ના મહે.પ્રિન્સીપાલ સીવીલજજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.વાલીયા.**

**<u>ફોજદારી કેસ નં.૧૦૨૩/૨૦૨૪</u>**

**આંક : ૩૮**

**<u>ફરીયાદી</u>** :- શ્રી સરકાર

---- વિરૂધ્ધ----

**<u>આરોપી</u>** :- (૧) સતીષભાઈ સોમાભાઈ ઉકકડભાઈ વસાવા.
રહે:આમલાગભાણ,તા.વાલીયા,જી.ભરૂચ.

**ગુન્હો :- ગુજરાત પ્રોહી.એકટ કલમ- ૬૫-એ-ઈ,મુજબ.**

---

**ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી જી.બી.મકવાણા.**
**આરોપી તરફે વિ.વ.શ્રી કે.બી.વસાવા.**

---

**-: <u>ચુકાદો</u> :-**

૧. આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૧૭/૦૭/૨૦૨૩ કલાક૧૩:૪૦ થી ૧૪:૩૫ વાગ્યાના આ કામે પકડાયેલ

આરોપી સતિષભાઈ સોમાભાઈ ઉકકડભાઈ વસાવા રહે. આમલા–ગભાણ તા. વાલીયા જી. ભરૂચ નાઓ ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ બોટલો નંગ–૩૩૬ જેની કિંમત રૂ.૩૩,૬૦૦/– (કુલ દારૂ લીટર–૬૦) મુદામાલ વગર પાસ પરમીટનો વેચાણ કરવા સારૂ લાવી પકડાઈ જઈ ગુનો ગુન્હો કર્યા અંગે વાલીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ દાખલ થતા આ કેસમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ હાલનુ આ ચાર્જશીટ કરેલ છે.

૨. આ કામના આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતાં તેઓ મુદતે કોર્ટમાં હાજર થયેલા છે,તેઓને પોલીસ પેપર્સની નકલો પૂરી પાડવામાં આવેલ છે,તેઓની વિરૂધ્ધના ગુન્હા સબબ વિચારણા કરવા માટે પૂરતો સમય આપવામાં આવેલ છે.ત્યારબાદ આંક–૦૬ થી આરોપી ઉપર તહોમતનામું ફરમાવી અને તે વાંચી સંભળાવ્યા બાદ આંક–૦૭ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે.જેમાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ છે.જેથી કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવ્યો.

૩. ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબ મોખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>:: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ::</u>**

| અનુ.નં | આંક | સાહેદ |
|---|---|---|
| ૧ | ૧૯ | ફરીયાદી અજયભાઈ અશોકભાઈની જુબાની |
| ૨ | ૨૦ | અસલ ફરીયાદ |
| ૩ | ૧૪ | પંચ સાહેદ અમરસીંગભાઈ ગલાભાઈ વસાવા |
| ૫ | ૧૬ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામું |
| ૬ | ૨૨ | સાહેદ મનોજકુમાર નવીનભાઈ વસાવાની જુબાની |
| ૭ | ૨૮ | સાહેદ દેવજીભાઈ સીંગાભાઈ વસાવાની જુબાની |
| ૮ | ૨૯ | સાહેદ સંજયભાઈ સુખદેવભાઈ વસાવાજુબાની |
| ૯ | ૩૧ | સાહેદ કિરીટભાઈ રમેશભાઈ વસાવા જુબાની |
| ૧૦ | ૩૩ | સાહેદ મૂળજીભાઈ બીજીયાભાઈની જુબાની |

| | | |
|---|---|---|
| ૧૧ | ૩૪ | તપાસ કરતા અમલદાર નટવરસિંહ રતનસિંહ પરમારની જુબાની |

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આ કામના આરોપીનું ક્રિ.પ્રો.કો.ની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ દલીલો સાંભળવામાં આવી.

૪. આમ,સદરહું કેસની હકીકતો જોતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

**:: મુદ્દા ::**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૧૭/૦૭/૨૦૨૩ કલાક૧૩:૪૦ થી ૧૪:૩૫ વાગ્યાના આ કામે પકડાયેલ આરોપી સતિષભાઈ સોમાભાઈ ઉકકડભાઈ વસાવા રહે. આમલા–ગભાણ તા. વાલીયા જી ભરૂચ નાઓ ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ બોટલો નંગ–૩૩૬ જેની કિંમત રૂ.૩૩,૬૦૦/– (કુલ દારૂ લીટર–૬૦) મુદામાલ વગર પાસ પરમીટનો વેચાણ કરવા સારૂ લાવી પકડાઈ જઈ પ્રોહી. એકટની કલમ–૬૫–એ–ઈ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શો હુકમ ?

૫. ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

**::નિર્ણયો ::**

મુદ્દા નંબર–૧:– નકારાત્મક.

૨ :– આખરી હુકમ મુજબ.

૬. ઉપરોકત નિર્ણયો અંગેનાં કારણો નીચે મુજબ છે.

## :: નિર્ણયો અંગેના કારણો ::

**મુદ્દા નંબર–૧ :–**

૭. ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારૂ આંક–૧૪થીપંચ સાહેદ અમરસીંગભાઈ ગલાભાઈ વસાવાનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,પંચનામા શા બાબતનુ હતુ તેની મને ખબર નથી. મને આજરોજ એક આંક–૧૬ વાળુ અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચો તરીકે અમારી સહી છે જે હુ ઓળખુ છુ.આ સિવાય બીજુ કશુ જાણતો નથી.

બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે,એ વાત ખરી છે કે,તૈયાર પંચનામામાં સહી કરેલ તે સિવાય હું કંઈ જાણતો નથી.

ત્યારબાદ આંક–૧૯ થી ફરીયાદી અજયભાઈ અશોકભાઈની ,આંક – ૨૨ થી સાહેદ મનોજકુમાર નવીનભાઈ વસાવા,આંક–૨૮ થી સાહેદ દેવજીભાઈ સીંગાભાઈ વસાવા આંક–૨૯ થી સાહેદ સંજયભાઈ સુખદેવભાઈ વસાવા,આંક–૩૧ સાહેદ કિરીટભાઈ રમેશભાઈ વસાવા , આંક–૩૩ થી સાહેદ મૂળજીભાઈ બીજીયાભાઈ વસાવા આંક–૩૪ થી તપાસ કરનાર અમલદાર નટવરસિંહ રતનસિંહ પરમારનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.તેઓએ તેમની જુબાનીમાં આંક–૨૦ની ફરીયાદને સમર્થન આપેલ છે.ત્યારબાદ બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદી તથા સાહેદો સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે મારી રૂબરૂ મુદામાલ જયાંથી મળી આવ્યો તે જગ્યાની માલીકીનો પુરાવો મારી રૂબરૂમાં ત.ક.અમલદારે મેળવેલો નથી. એ વાત ખરી છે કે મુદામાલની દરેક બોટલો ઉપર સીલ મારી પંચોની સહી લઈ કાપલી લગાડેલ નથી.એ વાત ખરી છે કે, મુદામાલ જે જગ્યાએથી મળી આવ્યો ખુલી જગ્યા હતી કોઈ પણ વ્યક્તિ આવી શકે જઈ શકે કોઈ પણ વસ્તુ મુકી શકે લઈ શકે.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u>**

૮. ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારૂ આંક–૧૪થીપંચ સાહેદ અમરસીંગભાઈ ગલાભાઈ વસાવાનાઓને તપાસવામાં આવેલા છે. આ સાહેદ આંક–૧૬ ના પંચનામાના પંચ સાહેદો છે.આ સાહેદને આંક –૧૬ વાળુ પંચનામું બતાવવામાં આવતાં તેઓ તેઓની સહી હોવાનુ જણાવે છે.પરંતુ તે પંચનામા બાબતે પુછતાં તેઓએ માત્ર સહી કરેલાનું જણાવેલ છે. બચાવપક્ષ તરફે સાહેદોની ઉલટ તપાસ લેવામાં આવતાં પોલીસે તેઓની તૈયાર પંચનામામાં તેઓની સહી લીધેલાનું અને પંચનામા માં શું લખેલ તેની તેઓને કશી ખબર ન હોવાનુ કબૂલ રાખેલ છે.

૯. ત્યારબાદ આંક–૧૯ થી ફરીયાદી અજયભાઈ અશોકભાઈ, આંક–૨૨ થી સાહેદ મનોજકુમાર નવીનભાઈ વસાવા , આંક – ૨૮ થી સાહેદ દેવજીભાઈ સીંગાભાઈ વસાવા , આંક – ૨૯ થી સાહેદ સંજયભાઈ સુખદેવભાઈ વસાવા, આંક– ૩૧ થી સાહેદ કિરીટભાઈ રમેશભાઈ વસાવા, આંક–૩૩ થી સાહેદ મૂળજીભાઈ બીજીયાભાઈ વસાવા, આંક – ૩૪ થી તપાસ કરતા અમલદાર નટવરસિંહ રતનસિંહ પરમાર નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.આ સાહેદો પોલીસ સાહેદો છે.તેઓ દ્વારા ફરીયાદ મુજબ પુરાવો આપી અને પંચનામાની હકીકતને સમર્થન કરેલ છે.બચાવપક્ષ દ્વારા સદર સાહેદોની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદો ઉપરોકત મુજબ પુરાવો આપેલ છે.

૧૦. આમ ફરીયાદ પક્ષે રજુ રાખેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં જે પંચોની હાજરીમાં મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે પંચો ફરીયાદપક્ષને સમર્થન કરતા નથી અને પોલીસ દ્વારા સદર કેસમાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી.આમ સદર મુદ્દામાલ આરોપીના કબજામાંથી કબજે કરેલ છે કે કેમ? એ એક શંકાનો વિષય બની જાય છે.વધુમાં જે પંચોની હાજરીમાં મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય અને તે જ પંચો

ફરીયાદપક્ષને સમર્થન ના કરે તો મુદ્દામાલ આરોપીની પાસેથી જ કબજે કરેલ છે તેવુ ફરીયાદપક્ષના પુરાવાથી સાબિત થતુ નથી. તેમજ તપાસ કરનાર અધિકારીએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. માત્ર પોલીસ સાહેદોના નિવેદન લીધેલ છે. વધુમાં પોલીસ સાહેદો સ્વીકારે છે કે, તેઓએ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. તપાસ કરનાર અમલદારે સ્વતંત્ર સાહેદોના નિવેદનો શા માટે લીધેલ નથી તે અંગે પણ કોઈ વ્યાજબી કારણ આપેલ નથી. તેમજ આ કામે પોલીસ સાહેદોએ સ્વાભાવિક રીતે ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની આપેલ છે.પરંતુ તેમની જુબાનીને આ કામે તપાસવામાં આવેલા પંચ સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી.તેમજ આ સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીમાં તેઓની હાજરીમાં પંચનામાની વિગતે કોઈ મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ હોય તેવુ જણાવેલ નથી.તેમજ પંચ સાહેદો નો પુરાવો પોલીસ સાહેદોના પુરાવાથી તદૃન વિરૂધ્ધનો જણાઈ આવે છે.તેમજ આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ક્રિમીનલ અપીલ નં.૯૪૭/૧૯૯૩ ના કામે **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ.પટેલના કેસનો ચુકાદો કે જે જી.એચ.જે.૨૦૧૧ ભાગ ૨૬ પેજ નં-૧** ઉપર રીપોર્ટેડ થયેલ છે તે ચુકાદો ધ્યાને લીધો.જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ જણાવે છે કે,જો મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પજેસનના કેસો **Beyond Reasonable Doubt** પુરવાર થઈ શકે નહી.આથી નામદાર ગુજરાત હાઈકોર્ટ ટ્રાયલ કોર્ટનો ચુકાદો યોગ્ય હોવાનુ ઠરાવેલ.જે નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં તેમજ આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનો પણ ફરીયાદપક્ષના કેસના સમર્થનકારક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામેનુ તહોમત પુરવાર કરવામાં સ્પષ્ટ સફળ થયેલ નથી.ત્યારે આવા સંજોગોમાં પોલીસ સાહેદોની જુબાની પર આધાર રાખી શકાય નહી. તેમજ આ કામે અન્ય

કોઈ સ્વતંત્ર સાહેદનો પણ ફરીયાદપક્ષના કેસના સમર્થન કારક પુરાવો રેકર્ડ પર આવેલ નથી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત પુરવાર કરવામાં સ્પષ્ટપણે સફળ થયેલ નથી અને તેની બેનીફીટ ઓફ ડાઉટ કાયદાના પ્રબંધો જોતાં જયારે ફરીયાદપક્ષ પોતાના સાક્ષી પુરાવાથી કેસની ખરી અને યોગ્ય હકીકતો સાબીત કરવામાં સફળ ન રહે તો શંકાનો લાભ આરોપી ને આપવાનું યોગ્ય,વ્યાજબી,અને ન્યાયી જણાય છે.

૧૧. વધુમાં આ કામે આંક–૧૪ થી તપાસવામાં આવેલ પંચસાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.તેથી આ સંજોગોમાં પંચનામું યોગ્ય રીતે પુરવાર કરવામાં આવેલ નથી.તેમજ પંચોની હાજરીમાં પંચનામા ની વિગતે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેમજ આરોપીને અટક કરવામાં આવેલ હોય તે હકીકતને તપાસેલ પંચ સાહેદો સમર્થન આપેલ નથી.આમ,સદર પંચ સાહેદોના પુરાવાથી આંક–૧૬ ના પંચનામાની હકીકત રેકર્ડ પર પુરવાર થતી નથી.

૧૨. આમ ફરીયાદપક્ષનો આખો કેસ રેઈડના પંચનામા ઉપર આધારીત છે તે પંચનામા ના પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોવાથી ફરીયાદપક્ષનો કેસ શંકાથી પર સાબિત થયેલો માની શકાય નહી ખાસ કરીને જયારે સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો આ કામે લેવામાં આવેલ નથી.વધુમાં,રેકર્ડ પરનો પુરાવો જોતાં આરોપી ઉપર શંકા ઉદભવે છે કે તેઓએ ફરીયાદ વાળો ગુનો કરેલ છે પરંતુ કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાનુની પુરાવાનું સ્થાન લઈ શકે નહી.વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો મુજબ પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે.વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો

ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી.જેથી ફરીયાદપક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે.વધુમાં ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયલ સિધ્ધાંત છે કે,સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહીં.આમ,ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતું નથી.વધુમાં **નામદાર સર્વોચ્ચ અદાલતે''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ''જે એ.આઈ.આર.૨૦૧૨,એસ.સી.પાન નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૮ માં એમ ઠરાવેલ છે કે** *“It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence.Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P.(2004)10 Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."*

૧૩. આમ પંચ સાહેદોની સમર્થન વગરની રેઈડના સભ્યોની જુબાની માનવા લાયક ન હોઈ,તેની શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ.આમ ઉપરોકત ચર્ચા કરેલા તમામ કારણો ધ્યાને લેતાં,આ કામના આરોપીએ ફરીયાદ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોઈ તેવી હકીકત નિ:શંકપણે સાબીત કરવામાં આવેલ નથી.આમ,તમામ સંજોગોમાં ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાના આધારે આ કામના આરોપીને હાલના ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.આમ,ફરીયાદપક્ષ આ કામે મુદ્દા નંબર–૧ નો નિર્ણય નકારમાં આપી,મુદ્દા નંબર–૨ પરત્વે, ન્યાયના હિતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના આરોપીને તેઓની વિરૂધ્ધના પ્રોહી.એકટ કલમ ૬૫–એ–ઈ મુજબના ગુન્હા સબબ ક્રિ.પ્રો.કોડ કલમ–૨૪૮(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ રજુ કરેલ જામીન ક્રિ.પ્રો.કોડની કલમ – ૪૩૭(એ) અન્વયે આ હુકમ થયેથી છ માસ માટેના સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ તારીખ–૧૬ મી માહે,મે સને–૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.**

**તા. ૧૬/૦૫/૨૦૨૬**
**મુ.વાલીયા.**

**(આદિલનવાજ મો.શફી સોની)**
**પ્રિન્સીપાલસિવીલજજ અને જ્યુડી.મેજી.ફ.ક.,**
**વાલીયા**
**JUDGE CODE NO-(GJ 01636)**

**//R.D.S.//**